# ગુજરાતમાં વહેલી ચૂંટણીની શક્યતા નથી : રૂપાણી

અમદાવાદ, તા.૧૧

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે રાજ્યમાં વહેલીતકે વિધાનસભાની ચૂંટણીની કોઈ શક્યતાને નકારી કાઢી હતી અને કહ્યું હતું કે ગુજરાતમાં નિર્ધારીત કાર્યક્રમ મુજબ વિધાનસભાની ચૂંટણી યોજાશે. છેલ્લા ઘણા સમયથી એવી અટકળો ચાલી રહી હતી કે જો ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ ભાજપની તરફેણમાં આવશે તો ગુજરાતમાં સ્થિતિનો લાભ લેવા માટે વહેલીતકે ચૂંટણી યોજવામાં આવી શકે છે પરંતુ આવી અટકળોને આજે મુખ્યમંત્રીએ ફગાવી દીધી હતી.

ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં ભાજપને મળેલા અભૂતપૂર્વ વિજય અંગે પ્રતિક્રિયા આપતા વિજય રૂપાણીએ આ મુજબની વાત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહની તાજેતરની ગુજરાતની મુલાકાત બાદ આ ચર્ચાને વધુ વેગ મળ્યો હતો પરંતુ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે તેનું સ્પષ્ટ શબ્દોમાં ખંડન કર્યું છે. ગુજરાત વિધાનસભાની મુદત ડિસેમ્બર ૨૦૧૭માં પુરી થાય છે. પાટીદાર અનામત આંદોલન, દલિત આંદોલન, ફીક્સ પગારવાળા કર્મચારીઓના આંદોલન સહિત અનેક આંદોલન છેલ્લા છ મહિનાથી ગુજરાતમાં ધમરોળી રહ્યા છે અને એન્ટી ઈન્કમબન્સીનું વાતાવરણ ઉભુ કરવાના પ્રયાસો થાય છે. આ સ્થિતિમાં વહેલી ચૂંટણીનો વિકલ્પ ચર્ચાઈ રહ્યો હતો પરંતુ મુખ્યમંત્રીના આજના વિધાન બાદ તેના પર પૂર્ણ વિરામ મુકાઈ ગયું છે.

ઉત્તરાખંડ સહિતના રાજ્યોમાં ભાજપના ધમાકેદાર વિજયના વધામણા કરતા ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ જીત માટે વડાપ્રદાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની જુગલબંધીને અભિનંદન પાઠવ્યા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી પોતાના પ્રતિભાવમાં જણાવ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રમાણિકતાથી લીધેલા નિર્ણયને મતદારોએ સ્વીકૃતિ આપી છે તે વાતની ગવાહી ચૂંટણીના પરિણામો પુરા પાડી રહ્યા છે. જ્ઞાતિ, જાતિ, ધર્મ સંપ્રદાયથી એક ડગલું આગળ વધીને ઉત્તરપ્રદેશના મતદારોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકાસના એજન્ડાને સ્વીકાર્યો છે તે આનંદનો વિષય છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ તો ડૂબતી નાવ છે પરંતુ તેમાં બેસનાર પણ ડૂબે છે તે વાત વધુ એક વખત સાબિત થઈ છે અને કોંગ્રેસની સાથોસાથ સમાજવાદી પાર્ટી (સપા)ના સુપડા મતદારોએ સાફ કરી નાંખ્યા છે.



જેસીઆઈ ઈન્ડીયાના 'મિશન હંગર પ્રિવેન્શન' હેઠળ જેસીઆઈ ગાંધીનગર અને યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં શહેરના શ્રમિક પરિવારોને ખીચડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે આ મિશન અંતર્ગત સાગપુર ગામના ૮૦ બાળકોને પણ ભોજન પીરસાયુ હતુ. આ કાર્યક્રમમાં જેસીઆઈ ગાંધીનગર હોદ્દેદારો તેમજ સભ્યો હાજર રહ્યા હતા.

# પાંચ રાજ્યો પૈકી ૩ રાજ્યોમાં કોંગ્રેસનો વિજય : શંકરસિંહ

અમદાવાદ, તા.૧૧

પંચ રાજ્યોના જાહેર થયેલા ચૂંટણી પરિણામોમાં પંજાબમાં કોંગ્રેસ પક્ષ ઐતિહાસિક જીત મેળવી છે જ્યારે ભાજપ અકાળી દળના ભ્રષ્ટ શાસનનો કારમો પરાજય થયો છે. ગોવા અને મણિપુરમાં કોંગ્રેસ પક્ષ સીન્ગલ લાર્જેસ્ટ પાર્ટી તરીકે વિજય મેળવીને સત્તા સુધી પહોંચી રહી છે ત્યારે ત્રણ રાજ્યોમાં કોંગ્રેસ પક્ષ તરફી આવકારદાયક પરિણામ અંગે સ્થાનિક મતદાતાઓને અભિનંદન સાથે આબાર માનતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, પાંચ રાજ્યના જાહેર થયેલા ચૂંટણી પરિણામોમાંથી ત્રણ રાજ્યોમાં કોંગ્રેસ પક્ષ તરફી પરિણામો છે. પંજાબમાં કોંગ્રેસ પક્ષે ઐતિહાસિક જીત મેળવી છે જે રીતે ભાજપ અને તેના મુખ્ય નેતાઓની ભાષા વાણીવિલાસ અને ઝુમલાની રાજનીતિ સામે પંજાબ, ગોવા અને મણિપુરના મતદાતાઓએ કોઈ પણ ભ્રમમાં આવ્યા વિના મતદાન કર્યું છે. ખાસ કરીને પંજાબ અને ગોવામાં ભાજપ અને તેના ગઠબંધનના કારનામા જનવિરોધી નીતિ-ભ્રષ્ટ નીતિ સામે મત આપ્યા છે તે જ રીતે ગુજરાતમાં પણ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં યુવા વિરોધી, ખેડૂત વિરોધી, દલિત વિરોધી, આદિવાસી વિરોધી, મહિલા વિરોધી અને જનવિરોધી ભાજપ શાસન સામે મતદાન કરશે અને પ્રજાના જનસમર્થન-જન આશીર્વાદ કોંગ્રેસ પક્ષને મળશે તે આજના પાંચ રાજ્યોના પરિવર્તન માટેના ચૂંટણી પરિણામોથી સ્પષ્ટ થાય છે. પાંચ રાજ્યોના જાહેર થયેલા ચૂંટણી પરિણામોમાંથી ત્રણ રાજ્યોમાં કોંગ્રેસ પક્ષ તરફી પરિણામો છે. પંજાબમાં કોંગ્રેસ પક્ષે ઐતિહાસિક જીત બદલ કોંગ્રેસ પક્ષના અધ્યક્ષા સોનિયા ગાંધી અને ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીના નેતૃત્વને અભિનંદન અને જનતાના આભાર સાથે રાજ્યના ૮ મહાનગરોમાં ફટાકડા ફોડીને મોટી સંખ્યામાં કોંગ્રેસ પક્ષના કાર્યકરો-આગેવાનોએ જીતની ખુશી વ્યક્ત કરી હતી.

# ગુજરાતમાં યુપી પરિણામોની અસર રહેશે જ નહીં : હાર્દિક

ગોંડલ, તા.૧૧

પાટીદાર સમુદાય માટે અનામતની માંગણીને લઈને આંદોલન છેડીને લોકપ્રિય થનાર હાર્દિક પટેલે આજે કહ્યું હતું કે ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં ઉત્તરપ્રદેશના પરિણામોની કોઈપણ અસર દેખાશે નહીં. હાર્દિક પટેલે ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં ભાજપની શાનદાર જીત અંગે પ્રતિક્રિયા આપતા આજે આ મુજબની વાત કરી હતી.

હાર્દિકને જોવા માટે મોટી સંખ્યામાં પાટીદારો પહોંચ્યા હતા. હાર્દિકે વધુમાં જણાવ્યું હતું કે, દરેક રાજ્યની અંદર વિરોધી પરિણામ આવ્યું છે. દરેક રાજ્યની અંદર સત્તાનો વિરોધ અને રોષ જોવા મળી રહ્યો છે. જનતા રાજ્યના વિકાસની આશા સેવતી હોય છે. ગુજરાતની ચૂંટણી આવી રહી છે તેમાં સ્પષ્ટ સાબિત થઈ જશે કે રાજ્યની અંદર જનતાનો શું રોષ છે. ગમે તેટલી લોકો રાજ્યની વાત કરે અથવા આંદોલનની અંદર જનતા ભેગી થતી હોય છે. આવનારા દિવસોમાં દેખાય જશે કે ગુજરાતની અંદર લોકોનો શું માહોલ છે. રાજસ્થાનની જેમ યુપી અને દરેક રાજ્યમાં દર પાંચ વર્ષે સત્તા પરિવર્તન થવું જોઈએ. લોકશાહીમાં લોકો કોઈને પણ મત આપી શકે છે તો સાથે જ યુપીમાં ભાજપની જીતની અસર ગુજરાતમાં જોવા નહીં મળે અને ગુજરાતમાં પાટીદારો ચૂંટણી સમયે તેનો જવાબ આપશે.

## ધાનેરામાં ભાજપનો વિજયોત્સવ ઉજવાયો

ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશ રાજ્ય ભાજપ વિજેતા બનતા ધાનેરામાં ભાજપના અગ્રણીઓ દ્વારા ફટાકડા ફોડી વિજયોત્સવ મનાવાયો હતો. ઉત્તરાખંડમાં ભાજપની ભવ્ય જીત થતા સમગ્ર દેશમાં વિજયોત્સવ ઉજવાઈ રહ્યો છે ત્યારે બનાસકજંઠા જિલ્લાના ધાનેરા માં પણ ભાજપ હોદ્દેદારો અને કાપ્રકર્તાઓ ધ્વરા ફટાકડા ફોડી તથા મોં મીઠા કરાવી ભાજપ ના વિજય ને વધાવા ની સાથે ભવ્ય વિજયોત્સવ મનાવ્યો હતો.

# ગુજરાતમાં ભાજપના કાર્યકરો ઉત્સાહિત છે

ઉત્તરપ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીને મળેલા તોતીંગ વિજયથી ગુજરાત ભાજપના નેતાઓ અને કાર્યકરો પણ ખુશખુશાલ છે. આજના પરિણામો અંગે પ્રત્યાઘાત આપતા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે છે કે, આ પરિણામોથી ભાજપના કાર્યકરોમાં નવેસરથી પ્રાણ ફૂંકાશે અને આગામી ગુજરાત વિધાનસબાની ચૂંટણીમાં તેની હકારાત્મક અસર દેખાશે. નીતિન પટેલે કહ્યું છે કે, દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તરપ્રદેશમાં અને ઉત્તરાખંડમાં બારતીય જનતા પક્ષમાં અભૂતપૂર્વ વિજય થયો છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા અકબંધ છે. એટલું જ નહીં તેમાં વધારો પણ થયો છે તે સાબિત થયું છે તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાને આપેલી પ્રજાલક્ષી યોજનાઓ અને તેમની દેશભક્તિ લોકોને સ્પર્શી ગઈ છે અને તેનો પડઘો આ પરિણામોમાં પડ્યો છે. તેમણે આજના પરિણામો અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ તેમજ સર્વે કાર્યકર્તાઓને શુભેચ્છા સાથે અભિનંદન પણ આપ્યા છે.

## બ્લુ સ્ટારે રજૂ કર્યું ભારતનું પહેલુ ઈન્વર્ટર સ્પ્લિટ એસી જેની શીતળતા દશાંશમાં ગોઠવી શકાય : ઉદ્યોગનું નવું માપદંડ

એર કન્ડિશનીંગ અને કોમર્શિયલ રેફ્રિજરેશન ક્ષેત્રની અગ્રણી કંપની બ્લુ સ્ટાર લિમીટેડે ભારતનું પહેલુ ઈન્વર્ટર સ્પ્લિટ એસી બજારમાં મુક્યું છે જે સૂક્ષ્મતમ શીતળતા પ્રસરાવે છે. આ રજૂઆત સાથે કંપનીએ ઈન્વર્ટર સ્પ્લિટ એર કન્ડિશનર્સ ઓફર કરી એર કન્ડિશનર ઉદ્યોગમાં નવો બેંચમાર્ક સ્થાપ્યો છે. આ એર કન્ડિશનર વપરાશકારની જરૂરિયાત મુજબની ઠંડક આપે છે જે હંમેશા સંપૂર્ણ આરામદાયી હોય. બ્લુ સ્ટારની નવી શ્રેણીના એર કન્ડિશનર્સ રહેણાંક, વ્યાપારી અને ઔદ્યોગિક ક્ષેત્રની જરૂરિયાતને સુસંગત થાય તે રીતે ઠંડકની તમામ જરૂરિયાત પુરી પાડે છે. આ પ્રોડક્ટસ છેલ્લામાં છેલ્લા ફિચર્સ અને ઉચ્ચ દરજ્જાની ટેકનોલોજી વડે સજ્જ છે. તે વિવિધ રંગમાં ઉપલબ્ધ છે અને વીજળીની નોંધપાત્ર બચત કરે છે.

### ૩૦મી સુધી ફોટોગ્રાફ્સ એક્ઝિબિશન

# ગાંધીજીની દાંડીયાત્રા પર આજે ફોટોગ્રાફનું પ્રદર્શન

અમદાવાદ, તા.૧૧

જાણીતા આર્ટિસ્ટ અનુજ અંબાલાલના મહાત્મા ગાંધીની દાંડીયાત્રા પરના ફોટોગ્રાફસના એક્ઝિબિશન ઈન સર્ચ ઓફ..બાપુનો આવતીકાલ ૧૨મી માર્ચથી નવજીવન ટ્રસ્ટની સત્ય આર્ટ ગેલેરીમાં આરંભ થઈ રહ્યો છે. ૩૦મી માર્ચ ૨૦૧૭ સુધી ખુલ્લા રહેનારા ફોટોગ્રાફ્સ એક્ઝિબિશનનો સમય બપોરે ૧૨થી રાત્રિના ૯ કલાક (સોમવાર સિવાય)નો રહેશે. મહાત્મા ગાંધી દ્વારા અંગ્રેજો સામેની આઝાદીની ચળવળમાં અમદવાદના સાબરમતી આશ્રમથી ૧૨મી માર્ચના રોજ દાંડીયાત્રા કાઢવામાં આવી હતી. અનુજ અંબાલાલના ગાંધીજી વિષયના કચકડે મઢેલા ૪૯ ફોટોગ્રાફસમાં સમગ્ર ઈમોશન્સને સુંદરરીતે પ્રદર્શિત કરવામાં આવ્યા છે. આ પ્રસંગે અનુજ અંબાલાલે જણાવ્યું હતું કે, ૨૦૧૨થી ગાંધીજીના વિષય પર મારા વિચારો અને સંસ્કારને ફોટોગ્રાફી દ્વારા રજૂ કરવાનો એક નમ્ર પ્રયાસ શરૂ કર્યો છે જેના ફળ સ્વરુપ ઈન સર્ચ ઓફ...બાપુનું સર્જન થઈ શક્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સાદગી, નમ્રતા, લાગણી, સ્પષ્ટતા, દૃઢ મનોબળ, અહિંસા સાથે કાંઈક કરી છુટવાની ભાવનાને ગાંધીજીએ સમગ્ર વિશ્વને મોટો સંદેશો આપ્યો છે. આ વિશ્વ-વિરલ વ્યક્તિત્વને સમજવા માટે આપણે મનોમંથન દ્વારા પ્રયાસ કરવો જ રહ્યો. આ ફોટોગ્રાફસથી આપણી યુવા પેઢી ગાંધીજીના જીવનદર્શન અને પ્રયોગદર્શનની ક્યાંક અનુભૂતિ કરે તેવી આકાંક્ષા છે.

## ન્યુઝ ટ્રેક

### હરીશ રાવતે રાજીનામુ આપ્યુ

કોંગ્રેસી નેતા હરીશ રાવતે ઉત્તરાખંડ વિધાનસભાની



ચૂંટણીમાં હાર બાદ રાજ્યના મુખ્યમંત્રી પદ પરથી રાજીનામુ આપી દીધુ છે. રાવતને હરિદ્વાર ગ્રામિણ અને કિરછા એમ પોતાની બંને વિધાનસભા સીટો પર હારનો સામનો કરવો પડ્યો હતો.

### અખિલેશ યાદવે મુખ્યમંત્રી પદ છોડ્યુ

ઉત્તરપ્રદેશ વિધાનસભાની



ચૂંટણીમાં હાર બાદ સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવ સાંજે પાંચ વાગે રાજભવન પહોંચ્યા હતા અને મુખ્યમંત્રીપદ પરથી રાજીનામુ આપ્યુ હતુ.

### મોદીને ટક્કર આપી શકે તેવો કોઈ નેતા નથી : ઉમર ઉબ્દુલ્લા

પાંચ રાજ્યોની



વિધાનસભા ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો છે. ત્યારે જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ ટ્વિટ કરીને કહ્યું હતું કે પીએમ નરેન્દ્ર મોદીને ટક્કર આપી શકે તેવો હાલમાં કોઈ નેતા નથી. વિરોધ પક્ષોએ ૨૦૧૯ની નહી પરંતુ ૨૦૨૪ની તૈયારી કરવી જોઈએ.

### ઈરોમ શર્મિલાને ફક્ત ૯૦ વોટ મળ્યા


પીપલ્સ રિસજેંસ એન્ડ



જસ્ટિસ અલાયન્સ તરફથી ચૂંટણી લડનાર ચર્ચાસ્પદ ઈરોમ શર્મિલાને મણીપુર વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર થઈ છે. તેમને ફક્ત ૯૦ વોટ્સ મળ્યા હતા.

### સુપર સોનિક ક્રૂઝ મિસાઈલ બ્રહ્મોસનું સફળ પરિક્ષણ

ભારતે ૩૦૦ કિલોની




યુદ્ધસામગ્રી લઈ જવા માટે સક્ષમ બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલનું સફળ પરિક્ષણ કર્યું છે. ચાંદીપુરમાં ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ દ્વારા મોબાઈલ લોન્ચરથી ક્રુજ મિસાઈલનું પરિક્ષણ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



જીગર એન પટેલ (વેસ્ટર્ન એગ્રી સીડ્સ ગૃપ)



ડો. જિગર સુરેશભાઈ રત્નોત્તર
મો. ૯૪૨૮૧ ૧૧૨૯૩



દિનેશભાઈ શિવરામભાઈ પરમાર
મો. ૯૯૧૩૫ ૯૮૭૯૪



પ્રીતિબેન રીન્કેશકુમાર પરમાર
મો. ૮૧૪૦૪ ૬૫૨૬૬



કમુબેન મુકેશભાઈ પરમાર

ટચૂકડી જાહેર ખબર
ભાડે આપવાનો છે
3BHK લક્ઝુરિયસ ફ્લેટ, એલોટેડ પાર્કીંગ, 24Hr. સિક્યોરીટી, R.O., ગેસ ગીઝર સાથે
rMkØhks ÍkuÕz, MkhøkkMký [kh hMíkk, økktÄeLkøkh
{ku. 98795 51709

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

જગ્યા ભાડે આપવાની છે
ઈન્ફોસીટી સુપર મોલ-૧
ગ્રાઉન્ડ ફ્લોર, જી-૫,
સબ-વેની બાજુમાં
આશરે ૨૩૩ ચો. ફુટ
ફોન : ૯૮૨૪૨ ૩૭૦૦૮